ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



4 ફાયર ફાઈટરો અને 5 જેસીબીની મદદથી આગ પર કાબૂ મેળવવા મથામણ

## કરજણની કાનમ પેપર મિલમાં ભીષણ આગ

**મીડિયા** સામે વિગતો છુપાવવાનો માલિકનો પ્રયાસ ચર્ચાના ચકડોળે





(પ્રતિનિધિ) કરજણ, તા.29

કરજણના ધવાટ રોડ પર આવેલી કાનમ પેપર એલ.એલ.પી. મિલમાં લાગેલી ભયાવહ આગે સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચાવ્યો છે. પેપર મિલના ગોડાઉનમાં લાગેલી આ આગ એટલી વિકરાળ હતી કે તેણે ચારે તરફ અફરાતફરીનો માહોલ સર્જી દીધો હતો. આગની જાણ થતાં જ કરજણ ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, પરંતુ આ ઘટના માત્ર આગ સુધી સીમિત ન રહેતા અનેક ગંભીર સવાલો અને રહસ્યોના ધુમાડાથી ઘેરાઈ ગઈ છે.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે, અને આ જ મુદ્દો સૌથી મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. મિલના માલિક દ્વારા પ્રેસ અને મીડિયા સામે આગનું કારણ છુપાવવાનો પ્રયાસ અને દાદાગીરીભર્યું વર્તન શંકાને વધુ ઘેરી બનાવે છે. શું આગ અકસ્માતે લાગી હતી, કે પછી તેની પાછળ કોઈ ગૂઢ હેતુ છુપાયેલો છે? આવા અનેક પ્રશ્નો લોકોના મનમાં ઘૂમરાઈ રહ્યા છે.

આગ લાગવા પાછળનું રહસ્ય વધુ ઘેરું બનતું જાય છે ત્યારે ફાયર સેફ્ટીના ધોરણો અંગે પણ ગંભીર સવાલો ઉભા થયા છે. શું કંપની પાસે ફાયર સેફ્ટીની NA-NOC (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) છે? આ એક મહત્વપૂર્ણ તપાસનો વિષય છે, કારણ કે જો ફાયર સેફ્ટીના નિયમોનું પાલન ન થયું હોય, તો આવી મોટી દુર્ઘટનાઓનું જોખમ હંમેશા રહે છે.

ભયંકર આગને કાબૂમાં લેવા માટે ચાર ફાયર ફાઈટરો કામે લાગ્યા હતા. જોકે, આ દરમિયાન એક ચોંકાવનારી વિગત સામે આવી કે ફાયરના બંબાને પાણી ભરવા માટે બીજી કંપનીમાં જવું પડતું હતું. આ બાબત એ પ્રશ્ન ઊભો કરે છે કે શું આ કંપનીમાં બોરવેલ કે પાણીની પૂરતી સુવિધા નથી? જો આવી મોટી ઔદ્યોગિક એકમમાં આગ જેવી કટોકટીની સ્થિતિમાં પાણીની અછત વર્તાય, તો તે સુરક્ષા વ્યવસ્થાની ગંભીર ખામી દર્શાવે છે.

આગને કાબૂમાં લેવા માટે ચારથી પાંચ જેસીબી મશીનો પણ કામે લાગ્યા હતા, જે આગની ભયાવહતાનો અંદાજ આપે છે. હાલ તો સૌની નજર એ વાત પર ટકેલી છે કે ફાયર ફાઈટરો ક્યારે આ ભીષણ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી શકશે. પરંતુ આ ઘટના માત્ર આગ બુઝાવવા પૂરતી સીમિત નથી. તે કંપનીની સુરક્ષા વ્યવસ્થા, ફાયર સેફ્ટીના નિયમોનું પાલન, અને આગ લાગવા પાછળના કારણો અંગે ઊંડી તપાસની માંગ કરે છે. આશા રાખીએ કે આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ થાય અને સત્ય બહાર આવે.

રસ્તે મળેલી રોકડ અને દસ્તાવેજો જેતપુર પાવી પોલીસે મૂળ માલિકને સોંપ્યા

## જેતપુર પાવી પોલીસની પ્રમાણિકતા: રૂ.10,000ભરેલોથેલોમાલિકનેપરતકર્યો

**GRD સભ્યની** સતર્કતા અને PI એલ.પી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રશંસનીય કામગીરી



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.29

છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એલ.પી. રાણા દ્વારા ઉપરી અધિકારીઓની સૂચના મુજબ પોલીસ કર્મચારીઓ તેમજ જી.આર.ડી./હોમગાર્ડના સભ્યોને અસરકારક અને જનહિતલક્ષી કામગીરી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ માર્ગદર્શન અંતર્ગત આજરોજ નાકાબંધી દરમિયાન ફરજ પર રહેલા એક જી.આર.ડી. સભ્યને રસ્તા પરથી કાળા રંગનો થેલો મળી આવ્યો હતો. તપાસ કરતા થેલામાં રોકડ રૂપિયા ૧૦,૦૦૦ તેમજ અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજો મળ્યા હતા. જી.આર.ડી. સભ્યએ તરત જ આ અંગે જેતપુર પાવી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી થેલાના માલિક વિરેન્દ્રભાઈ જગદીશચંદ્ર જોશી, રહેવાસી જેતપુર પાવી ટાઉન, તાલુકો જેતપુર પાવી, જિલ્લો છોટાઉદેપુરનો સંપર્ક સાધી તેમને રોકડ રકમ અને જરૂરી દસ્તાવેજો સુરક્ષિત રીતે પરત સોંપ્યા હતા. જેતપુર પાવી પોલીસની આ નિષ્ઠાપૂર્વકની કામગીરીએ "પોલીસ પ્રજાનો મિત્ર" સૂત્રને સાચા અર્થમાં જીવંત બનાવ્યું છે.

આઘાતમાં સરેલા પરિવારને પોલીસે આર્થિક અને સાધન સહાય કરી

## વિજય સરઘસ વચ્ચે એમ્બ્યુલન્સ ખોટકાતા પોલીસ વહારે આવી

**અલીપુરા** સર્કલ પાસે ડેડ બોડી લઈ જતી એમ્બ્યુલન્સ બગડી, પોલીસે બીજી વ્યવસ્થા કરી માનવતા મહેકાવી



(પ્રતિનિધિ) બોડેલી, તા.29

છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી નગરપાલિકા જિલ્લા પંચાયત તાલુકા પંચાયત ની ચૂંટણી પરિણામ જાહેર થતા જીત મેળવેલા ઉમેદવારો ના સમર્થકો એ ઢોકલીયા કૉલેજ થી અલીપુરા સર્કલથી સેવાસદન તરફ વિજય સરઘસ નીકળ્યું એ અરસામાં છોટાઉદેપુર ના રામચરણ ભાઈ ઈન્દ્ર પાર્ક ઠાકોર કિડની ની બીમારીથી લાબા સમય થી પીડિત હતા તેમને વડોદરા ખાતે આવેલી ગોત્રી હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું અને હોસ્પિટલ માં થી વડોદરા ખાતે થી ખાનગી એમ્બ્યુલન્સમાં. પરિવાર ના સભ્યો મોત નો મલાજો લઈ ને નિવાસ્થાને જઈ રહ્યા હતા ત્યારે ટ્રાફિક વચ્ચે બોડેલી સર્કિટ હાઉસ પાસે એમ્બ્યુલન્સ પાસે આગળ સસ્પેન્સર માં ખામી સર્જાતા વિજય સરઘસ વચ્ચે રોડ વચ્ચે એમ્બ્યુલન્સ ખોટકાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા જેને લઈ સમગ્ર મામલે બોડેલી પોલીસ ને જાણ કરવામાં આવતા પોલીસ યમુદૂત બની આવી હતી જ્યારે ખોટકાયેલી એમ્બ્યુલન્સ ને પક્રેન દ્વારા રોડ વચ્ચેથી ખસેડવામાં આવી હતી ત્યારે પોલીસ એક પ્રજા નો મિત્ર બની આઘાતમાં મુકાયેલા પરિવારજનોને પડખે ઊભા રહી બોડેલી નગરમાં ખાનગી એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી મોતના મલાજા ને છોટાઉદેપુર નિવાસ્થાને સમયસર પહોંચે તે હેતુ સાથે બોડેલી ખાતે થી ખાનગી એમ્બ્યુલન્સમાં રિફરકરવામાં આવતા બોડેલી પોલીસ દુઃખમાં સહભાગી બનતા માનવતા મહેકાવી હતી.

## જબુગામ અવિસ્મરણીય સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવાશે

**દ્વારકાધીશ** મંદિરના 50 વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતીની ભવ્ય ઉજવણી થશે



(પ્રતિનિધિ) બોડેલી, તા.29

શ્રી દ્વારકાધીશ પ્રભુની અપરંપાર કૃપાદષ્ટિથી વિભૂષિત જબુગામ દ્વારકાધીશ મંદિરના જીર્ણોદ્ધારને 50 વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતી મહોત્સવના પાવન અવસરે અનંત વિભૂષિત જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીના પાવન આશીર્વાદથી તથા ડૉ. વાગીશકુમાર મહારાજશ્રીની ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના પાવન પ્રસંગ સાથે ઉત્સવને દિવ્યતા અને આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત થઈ છે આ અલૌકિક અવસરમાં જેઓની વાણીમાં શાસ્ત્રજ્ઞાનની ગંગા વહે છે અને જેઓ વૈષ્ણવ હૃદયોના સમ્રાટ છે એવા અનંત વિભૂષિત જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી પરંપરાના શુદ્ધાદ્વૈત તૃતીય ગુરૂવરના આશીર્વાદરૂપ પરમ પૂજ્યપાદ ગોસ્વામી 108 શ્રી ડૉ. વાગીશકુમાર મહારાજશ્રી પરિવાર સહ પધારી જબુગામની સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને ધન્ય બનાવશે. આ પાવન અવસર માત્ર મહોત્સવ નથીપરંતુ ભક્તિ, ભાવ અને કૃપાનો જીવંત અનુભવ છે આ ક્ષણોમાં પ્રભુપ્રેમનો અહેસાસ, અમૃતરસ અને વૈષ્ણવ એકતાનો દિવ્ય સ્પંદન અનુભવાશે આ મહોત્સવ જબુગામ માટે તીર્થ સમાન બની રહેશેજેમાં પધારનાર દરેક વૈષ્ણવ આત્મિક આનંદ અને પરમ શાંતિનો અનુભવ કરશે.

## આણંદ જિલ્લા પંચાયતમાં ભાજપનો કેસરીયો: 40 માંથી 33 બેઠકો સાથે બહુમતી મેળવી

**ચૂંટણી** પૂર્વે જ ભાજપના 3 ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા, મતગણતરીના પરિણામથી 30 પર વિજય



(પ્રતિનિધિ), આણંદ. તા.29

આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાનો દબદબો જાળવી રાખીને ભવ્ય જીત હાંસલ કરી છે. જિલ્લાની કુલ 40 બેઠકો પૈકી 30 બેઠકો પર વિજય અને 3 બિનહરીફ બેઠક સાથે ભગવો લહેરાવીને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી છે, જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર 7 બેઠકો આવી છે. ચૂંટણી પરિણામોએ જિલ્લાના રાજકીય સમીકરણોમાં ભાજપની પકડ વધુ મજબૂત બની છે.

આણંદ જિલ્લા પંચાયતની કુલ 40 બેઠકોમાંથી 37 બેઠકો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, ચૂંટણી પૂર્વે જ ભાજપના 3 ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. બિનહરીફ વિજેતામાં ચિખોદરા-8 બેઠક પરથી સપનાબેન યોગેશકુમાર પરમાર, પાળજ-27 બેઠક પરથી પ્રદિપકુમાર જયંતિભાઈ પટેલ અને વણસોલ-37 બેઠક પરથી રીનાબેન ભુપેન્દ્રસિંહ ગોહેલનો સમાવેશ થાય છે.

ભાજપના વિજેતા ઉમેદવારોની યાદીમાં અનેક દિગ્ગજ નામોએ જીત મેળવી છે. અલારસા-1 બેઠક પરથી અશોકકુમાર જશવંતસિંહ મહિડાએ 9482 મતો મેળવીને જીત હાંસલ કરી છે. તેવી જ રીતે બામણગામ-3 બેઠક પર જ્યોત્સનાબેન સોલંકી, બાંધણી-4 બેઠક પર સુરેશભાઈ સોલંકી, અને ભાદરણ-5 બેઠક પર ભાર્ગવીબેન પટેલે કેસરીયો લહેરાવ્યો છે. ભાલેજ-6 માં કેતનકુમાર પટેલ અને બોચાસણ-7 માં નયનાબેન ઠાકોર છે. અન્ય નોંધપાત્ર વિજેતાઓમાં ડભોઈ-09 માં કિંજલબેન રાઠોડ (13181 મત), ધર્મજ-12 માં જગદીશભાઈ વણકર, અને કહાનવાડી-16 માં વીણાબેન પઢિયારનો સમાવેશ થાય છે, જેમણે સૌથી વધુ 13528 મતો પ્રાપ્ત કર્યા છે. બીજી તરફ કોંગ્રેસને ચૂંટણીમાં મોટો ઝટકો લાગ્યો છે. પક્ષ માત્ર 7 બેઠકો પર જ વિજય મેળવી શક્યો છે.

નસવાડીમાં ભાજપે સત્તા જાળવી, પણ આમ આદમી પાર્ટી મજબૂત વિપક્ષ તરીકે ઉભરી

## નસવાડીમાં 'આપ'ની એન્ટ્રીથી સમીકરણો બદલાયા: ભાજપને મળી જોરદાર ટક્કર

**ચૈતર વસાવાનો** જાદુ ચાલ્યો: આંદોલનોની અસર અને રણનીતિના અભાવે નસવાડીમાં કોંગ્રેસ પાસેથી વિપક્ષી પદ છીનવાયું

(પ્રતિનિધિ) પાદરા, તા.29

નસવાડી તાલુકા પંચાયત ની 22 બેઠકો માં 7 બેઠકો આમઆદમી પાર્ટી ના ઉમેદવાર વિજેતા થયા અને 13 બેઠકો માં ભાજપ ઉમેદવારો વિજેતા થયા હતા.

છોટાઉદેપુર જિલ્લાની નસવાડી તાલુકા પંચાયત માં ભાજપ ને આમઆદમી પાર્ટી એ ટક્કર આપતા ભાજપ એ સત્તા તો મેળવી છે પરંતુ આમઆદમી પાર્ટી મજબૂત વિપક્ષ તરીકે હાલ તો એન્ટ્રી લીધી છે બીજી તરફ કોંગ્રેસે રણનીતિ બનાવી ના હતી અને મતદારો કોંગ્રેસ ની હાર જોઈ જતા નસવાડી તાલુકામાં કોંગ્રેસ થી મતદારો દૂર થઈ ગયા હતા તેની પાછળ નું બીજું કારણ છે કે ચૈતર વસાવા ડેડિયાપાડા થી નસવાડી તાલુકામાં અનેક આંદોલનો માં હાજરી આપી અને કોંગ્રેસ દેખાતું ના હતું જેનો ફાયદો આમઆદમી પાર્ટી ને થયો છે બીજી તરફ નસવાડી તાલુકામાં આમઆદમી પાર્ટી એ જિલ્લા પંચાયત ની ચૂંટણી પહેલી વાર લડતા તેમાંથી બે બેઠકો જિલ્લા પંચાયત ની મેળવતા જિલ્લા પંચાયત માં પણ વિપક્ષ માં બેસીને ભાજપ સામે બાયો ચઢાવશે.



### નવગામ બેઠક પર ભાજપનો ગઢ કંગાળ

નસવાડી તાલુકા ની નવગામ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપ ના પૂર્વેશ રાઠવા સંખેડા વિધાનસભા ના ધારાસભ્ય ના અંગત માણસ છે અને તેઓ ને ટિકિટ અપાવવા માટે ધારાસભ્યે એડીચોટી નો જોર લગાવ્યો હતો પરંતુ તેઓની હાર આમઆદમી પાર્ટી ના ઉમેદવારો સામે થતા ભાજપ માં હડકંપ મચી ગયો હતો છોટાઉદેપુર જિલ્લામાં આમઆદમી પાર્ટી મજબૂત વિપક્ષ તરીકે ઉભરી છે.

અપક્ષ ઉમેદવાર સોનલબેન રાણા (ઝુમરી) એ વોર્ડ નં. 4 માં સતત 7મી વખત જીત મેળવી

## પાદરા પાલિકાની ચૂંટણીમાં ભાજપનો દબદબો, વોર્ડ સ્તરે વ્યક્તિગત મતદાનની અસર જોવા મળી

**આંતરિક** વિખવાદ અને વ્યક્તિગત પ્રભાવ જીત પર હાવી રહ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.29

પાદરા નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ફરી એકવાર દબદબો જાળવી રાખતા કુલ 28 બેઠકોમાંથી 23 બેઠકો પર જીત મેળવી સત્તા કબજે કરી છે. જ્યારે કોંગ્રેસને માત્ર બે બેઠકો મળી છે. બાકીની બેઠકો પર અપક્ષ ઉમેદવારોના પ્રદર્શનને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યું છે.

ચૂંટણી પરિણામોમાં કેટલીક જગ્યાએ પક્ષ કરતાં વ્યક્તિગત પ્રભાવ વધુ અસરકારક રહ્યો હોવાનું જોવા મળ્યું છે. ખાસ કરીને વોર્ડ નંબર ૧, ૪, અને ૫ માં ભાજપની પેનલ તૂટી જતા સ્થાનિક નેતાગીરી અને આંતરિક ગોઠવણ અંગે ચર્ચાઓ તેજ બની છે. પક્ષની અંદરની મતભેદો અને વ્યક્તિગત મતદાનના પ્રભાવને આ પરિણામ માટે જવાબદાર માનવામાં આવી રહ્યું છે. પાર્ટી સ્તરે આ મુદ્દે સમીક્ષા કરી જવાબદાર સામે કાર્યવાહી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વોર્ડ નંબર એકમાં કોંગ્રેસના બે ઉમેદવારો વિજેતા બન્યા હતા, જ્યારે વોર્ડ નંબર પાંચમાં ભાજપના મજબૂત પ્રચાર અને સંગઠન વચ્ચે બે અપક્ષ ઉમેદવારો વિજયી બનતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. આ ઉપરાંત વોર્ડ નંબર ચારમાં અપક્ષ ઉમેદવાર સોનલબેન રાજુભાઈ રાણા(ઝુમરી) સતત સાતમી વખત જીત મેળવી ફરી એકવાર પોતાનો દબદબો સાબિત કર્યો છે. રાણા સમાજના સમર્થન સાથે મળેલી આ જીતને સ્થાનિક સ્તરે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ભાજપના શક્તિશાળી નેતાઓની હાજરી છતાં અપક્ષ ઉમેદવારનો વિજય રાજકીય રીતે નોંધપાત્ર ગણાયો છે.

ચૂંટણીમાં સૌથી વધુ મત વોર્ડ નંબર ત્રણના ભાજપ ઉમેદવાર ધારાસભ્યના અંગત ગણાતા નયનકુમાર મહેશભાઈ ભાવસારને ૧૯૯૨ મત મળ્યા હોવાનું સામે આવ્યું છે. જેઓ સતત ચોથી વખત વિજેતા થયા છે., જ્યારે સૌથી ઓછા મત વોર્ડ નંબર એકના એનસીપી ઉમેદવાર મહંમદ જુનેદ શબ્બીર અહેમદ સૈયદને ૧૯૮ મત મળ્યા છે.

નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસની હાજરી મર્યાદિત રહી હોવા છતાં બે બેઠકો સાથે પક્ષે પોતાની હાજરી નોંધાવી છે. બીજી તરફ ભાજપે સતત સાતમી વખત નગરપાલિકામાં પ્રભાવ જાળવી રાખતા સ્થાનિક રાજકારણમાં પોતાનું વર્ચસ્વ ફરી એકવાર સાબિત કર્યું છે.

## પાદરામાં ભાજપનો વિજયી ટંકાર: ધારાસભ્યે વિરોધીઓ પર સાધ્યું નિશાન

**સંગઠન** શક્તિ અને વિકાસના મુદ્દે પાદરામાં ભાજપે વિરોધીઓના દાવપેચ નિષ્ફળ બનાવ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.29

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો બાદ પાદરા વિધાનસભા વિસ્તારની પાદરા તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત ની જીત બાદ ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, પાદરાના મતદારોએ ચૂંટણીમાં સ્પષ્ટ સંદેશ આપ્યો છે અને વિકાસ તથા લોકસેવાના મુદ્દાઓને પ્રાથમિકતા આપી છે. તેમણે કહ્યું કે મતદારોએ જાતિઆધારિત રાજકારણ અને વ્યક્તિગત દાવપેચ કરતાં ભાજપાના વિકાસના કાર્યને પસંદ કર્યું છે.

ધારાસભ્યએ દાવો કર્યો કે કોંગ્રેસ સાથે જોડાયેલા કેટલાક નેતાઓએ ભાજપને હરાવવા માટે પૂરજોશમાં પ્રયાસો કર્યા હતા, પરંતુ મતદારોએ તેમને યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે પૂર્વ ધારાસભ્ય દીનુમામા, તેમના પુત્ર દક્ષેશ પટેલ અને તેમના સમર્થકોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે રાજકીય રીતે ભાજપ સામે એકજૂટ થવાનો પ્રયાસ થયો હતો, તેમ છતાં મતદારોએ વિકાસલક્ષી રાજકારણને સમર્થન આપ્યું છે.

તેમણે જણાવ્યું કે કેટલાક લોકો પોતાની રાજકીય અસર અને પ્રભાવને વધુ માની રહ્યા હતા, પરંતુ ચૂંટણી પરિણામોએ બતાવી દીધું છે કે મતદારો અંતિમ નિર્ણય લેતા હોય છે. ભાજપના કાર્યકરોને તેમણે સંગઠનની શક્તિ તરીકે ગણાવી જણાવ્યું કે કાર્યકરો સતત જનસંપર્કમાં રહ્યા હતા અને લોકો વચ્ચે વિકાસના મુદ્દાઓ પહોંચાડ્યા હતા. મતદારોએ વિકાસ, લોકસેવા અને સંગઠનશક્તિ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભાજપની વિકાસલક્ષી કામગીરી અને લોકો વચ્ચે કરાયેલા સેવાકીય પ્રયાસોને મતદારોએ આશીર્વાદ આપ્યા હોવાનું જણાવ્યું હતું. અને કેટલાક લોકો પોતાને ટાઈગર સમજી રહ્યા હતા, પરંતુ મતદારોએ સાચા ટાઈગર કોણ છે અને તાકાત કોની છે તે દર્શાવી દીધું છે.

## કપડવંજ નગરપાલિકામાં 28 માંથી 19 બેઠકો સાથે ભાજપની સ્પષ્ટ બહુમતી

**કપડવંજમાં** 79% મતો સાથે ભાજપ વિજેતા, વિરોધીઓના સૂપડા સાફ

(પ્રતિનિધિ) કપડવંજ, તા.29

કપડવંજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થતા ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવી સત્તાના સૂત્રો હસ્તગત કર્યા છે. નગરપાલિકાની કુલ 28 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપના 19 ઉમેદવારો વિજયી બન્યા છે. ઉલ્લેખનીય છે કે, આ 19 બેઠકો પૈકી 5 બેઠકો પર ભાજપના ઉમેદવારો અગાઉ જ બિનહરીફ જાહેર થયા હતા. ચૂંટણીના આંકડાકીય વિશ્લેષણ મુજબ, આ ચૂંટણીમાં ભાજપને 79 ટકા મતો પ્રાપ્ત થયા છે, જ્યારે અપક્ષોના ફાળે 21 ટકા મતો ગયા છે. વોર્ડવાર પરિણામો જોતા, વોર્ડ નંબર 5 અને 6માં ભાજપની આખી પેનલ વિજેતા બની છે. આ ચૂંટણીમાં વોર્ડ નંબર 6ના ભાજપના ઉમેદવાર ચિન્ટુભાઈ આર. પટેલે સૌથી વધુ 2510 મતો મેળવીને તમામ ઉમેદવારોમાં સર્વોચ્ચ લોકપ્રિયતા સાબિત કરી છે. અન્ય વોર્ડની સ્થિતિ પર નજર કરીએ તો, વોર્ડ નંબર 1 અને 3માં પણ ભાજપના ઉમેદવારોનો દબદબો રહ્યો હતો, જ્યારે વોર્ડ નંબર 2 માં અપક્ષ ઉમેદવારો વિજેતા થયા છે. ભાજપના આ ભવ્ય વિજય બદલ શહેર પ્રમુખ નયન પટેલે પક્ષના મોવડી મંડળ, કાર્યકરો અને મતદારોનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા.

ઈકો અને બાઈક વચ્ચેની ટક્કરમાં યુવાન 50 ફૂટ સુધી ઢસડાયો

## બોડેલી તાલુકાના સૂર્યાગોળા પાસે ઈકોગાડી અને બર્ગમેન વચ્ચે સર્જાયો ગંભીર અકસ્માત

**બાઈક સવાર** સહિત બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા બોડેલી હોસ્પિટલ રિફર કરાયા



(પ્રતિનિધિ) બોડેલી, તા.29

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સુર્યા ઘોડા પાસે ગંભીર અકસ્માતની ઘટના બની છે જયારે બોડેલી થી વડોદરા તરફ જતી ઈકો ગાડી અને બર્ગમેન બાઈક વચ્ચે અકસ્માતની ઘટના માં મોટરસાયકલ ચાલકને રોડ ક્રોસ કરતી વખતે ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો અકસ્માતની ઘટના બનતા અકસ્માતના બનાવમાં બાઈક ચાલક યુવાન લગભગ 50 ફુટ જેટલા અંતર સુધી ધસડાયો હોવાનું સામે આવ્યું છે જ્યારે અકસ્માતની ઘટના બનતા ઘટના સ્થળે લોક ટોળા એકત્રિત થયા હતા અને અકસ્માત દરમિયાન ઈજાગ્રસ્ત મોટરસાયકલ ચાલકની ગંભીર ઈજાઓ જોતા લોકો દ્વારા 108 ને ફોન કરવામાં આવ્યો હતો ગંભીર રીતે ઈજા પામેલ બંને ને 108 દ્વારા બોડેલી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં

અકસ્માતની જાણ બોડેલી પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી અને જરૂરી કાર્યવાહી સાથે તપાસ હાથ ધરી છે અને અકસ્માત થવાનું કારણ જાણી આગળની કાર્યવાહી હાથ ધરી છે.